PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૧/કવા–૦૨/૧૮–૧૯/ 9452-1 તા. 15-10-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
પ્રભાબેન કાનાભાઈ બાખલખીયા,
C/O, જેનીસ ફાર્મ, ગામઃ ચિત્રોડ
તા.તાલાલા–ગીર,
જી.ગીરસોમનાથ
પીનકોડ–૩૬૨૧૫૦
મો: ૮૦૦૦૩૦૦૦૮૯

વિષય :–ટેરીફ તફાવતના પુરવણીબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૨–૦૯–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૧/કવા–૦૨/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,તાલાલા

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૫૧/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૦૪–૧૦–૧૮ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: પ્રભાબેન કાનાભાઈ બાખલખીયા, ગામ: ચિત્રોડ**

**રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે ભીમભાઈ નંદાણીયા હાજર રહેલ છે.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,તાલાલા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)**

**રજુઆત કરનાર :ડી.વી.લાખાણી – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી વેરાવળ**

## : હુકમ :

**ફરીયાદ : ટેરીફ તફાવતના પુરવણીબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓ વીજજોડાણ નં.–૮૧૪૫૧/૧૦૧૧૦/૪ ઘરવપરાશ ના હેતુ માટે નુ ધરાવે છે. જેના ઉપયોગ ગુજરાત રાજય સરકાર શ્રી ના હોમસ્ટે યોજના હેઠળ – ગુજરાત ટુરીઝમ મા નોંધણી નં.– TCGL/HOMESTAY/2017/913 થી નોંધણી કરાવેલ છે. પરંતુ, તેઓને તા.૧૨–૦૬–૧૮ થી રૂ.૨,૫૩,૫૧૪/૯૫ નુ ટેરીફ તફાવત નુ એટલેકે ઘરવપરાશ વીજજોડાણ થી વાણીજય જોડાણ અંગેનુ પુરવણીબીલ અપાયેલ છે, જે પુરવણીબીલ રદબાતલ કરવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | ફોરમ કમિટી મીટીંગ: તા. ૦૪–૧૦–૧૮ ના રોજ અરજદાર વતી તેમના પ્રતિનીધી ભીમભાઈ નંદાણીયા ની મૌખિક રજુઆત અનુસંધાને – સદર જગ્યાએ કુલ ૧૨ રૂમો ધરાવે છે. જેમાથી ૦૬ રૂમ પોતાના કુટુંબ માટે અને અન્ય બાકી ના ૦૬ રૂમ – પ્રવાસીઓ માટે વાપરીએ છીએ. જેથી, અમોને ગુજરાત રાજય સરકાર શ્રી ની હોમસ્ટે યોજના હેઠળ ઘરવપરાશ ના દર થી વીજબીલમા આકારણી થવી જોઈએ. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રીમતી પ્રભાબેન કાનાભાઈ બાખલખીયા, ગામ: ચિત્રોડ ના સર્વે નંબર: ૬૬/૫ –પી. ખાતે વીજજોડાણ નં.–૮૧૪૫૧/૧૦૧૧૦/૪ , ૨૦ કીવો – આર.જી.પી.આર. કેટેગરી હેઠળ તા.૧૯–૦૧–૧૪ થી રીલીઝ કરાયેલ છે. સદર વીજજોડાણ નુ તા.૦૭–૦૬–૧૮ ના રોજ – વીજ ચકાસણી મુજબ – ટેરીફ તફાવતનુ રૂ.૨,૫૩,૫૧૪/૯૫ નુ પુરવણીબીલ અપાયેલ હતુ. |
| ૨.૨ | ઉપરોક્ત બાબતે અરજદાર દ્વારા તા.૨૬–૦૬–૧૮ ની રજુઆત મુજબ – ગુજરાત રાજય સરકાર શ્રી ની હોમસ્ટે યોજના હેઠળ –કુલ ૦૬ રૂમ માટે ગુજરાત ટુરીઝમ મા નોંધણી નં.– TCGL/HOMESTAY/2017/913 થી નોંધણી કરાવેલ છે. |
| ૨.૩ | વિભાગીય કચેરી વેરાવળ ના પત્ર તા. ૦૪–૧૦–૧૮ મુજબ – સદર વીજજોડાણ ની રહેણાંક ની જગ્યામા – વાણીજય ના હેતુ સિવાય વીજવપરાશ ગામતળ હેઠળ – ગ્રામ પંચાયત એકટ થતો હોય તો બધોજ વીજવપરાશ ની વીજગણતરી – હોમસ્ટે યોજના હેઠળ આર.જી.પી.આર. કેટેગરી હેઠળ કરી શકાય. નાયબ ઈજનેર પેટા વીભાગીય કચેરી,તાલાલા દ્વારા કરાયેલ સ્થળ તપાસ મુજબ – કુલ ૨૦ રૂમ – ૦૨ દુકાનો – રેસ્ટોરન્ટ – કિચન – જનરેટર રૂમ – ચિલ્ડ્રન પ્લે એરીયા– ઓફિસ – બગીચો – સ્વીમીંગપુલ જણાયેલ છે. ગુજરાત ટુરીઝમ વિભાગ દ્વારા હોમસ્ટે યોજના હેઠળ મંજુર કરાયેલ દરખાસ્ત નં– પીવીએસ–૧૦ –૨૦૧૪ – ૭૫૩૬૧૫ – એસ – તા.૨૦–૧૧–૧૪ ના મુદદા |

| | |
|---|---|
| | નં.૧૨ ના પેટા મુદ્દા નં. (૨) મુજબ ની વિગતે – '' Domestic rates for electricity would be charged from the registered home stay establishment.'' પરંતુ, સદર ટેરીફ બાબત અંગે – નામદાર જીઈઆરસી દ્વારા મંજુર કરાયેલ ટેરીફ ઓર્ડર માં સમાવિષ્ટ કરાયેલ નથી. જેથી અરજદાર ને અપાયેલ ટેરીફ તફાવતનુ પુરવણીબીલ નિયમાધીન યોગ્ય છે. |

**<u>મુદ્દા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંઘાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે,<br>૧. અરજદાર શ્રીમતી પ્રભાબેન કાનાભાઈ બાખલખીયા, ગામઃ ચિત્રોડ ના સર્વે નંબરઃ ૬૬/૫ –પી. ખાતે વીજજોડાણ નં.–૮૧૪૫૧/૧૦૧૧૦/૪ , ૨૦ કીવો – આર.જી.પી.આર. કેટેગરી હેઠળ તા.૧૯–૦૧–૧૪ થી રીલીઝ કરાયેલ છે.<br>૨. અરજદાર દ્વારા ગુજરાત રાજ્ય સરકાર શ્રી ની હોમસ્ટે યોજના હેઠળ –કુલ ૦૬ રૂમ માટે ગુજરાત ટુરીઝમ મા નોંધણી નં.– TCGL/HOMESTAY/2017/913 થી નોંધણી કરાવેલ છે.<br>૩. ઉપરોક્ત યોજના અન્વયે ફક્ત ૦૬ રૂમ માટે ની ગુજરાત રાજ્ય સરકાર શ્રી ની હોમસ્ટે યોજના હેઠળ – અરજદાર ને મંજુરી મળેલ હોય – પરંતુ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૩ મુજબ ની વિગતે – સદર જગ્યાએ ૦૬ કરતા વધુ રૂમ – તેમજ રેસ્ટોરન્ટ, દુકાન વગેરે માટે – વાણીજય હેતુ માટે વીજવપરાશ થતો હોય તેમ જણાયેલ છે. જેથી, ગુજરાત રાજ્ય સરકાર શ્રી ની હોમસ્ટે યોજના હેઠળ આવરી શકાય નહી. તેમજ, સદર યોજના હેઠળ વીજબીલ ની ગણતરી ઘરવપરાશના દરેથી આપવા અંગે ની જોગવાઈ નામદાર જીઈઆરસી દ્વારા કરાયેલ હોય તેમ અંગે ના આધાર–પુરાવા રજુ કરાયેલ નથી. |
| <u>૩.૨</u> | આમ, સદર કેઈસ મા – ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે – સદર વીજજોડાણ નુ તા.૦૭–૦૬–૧૮ ના રોજ – વીજ ચકાસણી મુજબ – પેટા વિભાગીય કચેરી ના પત્ર તા.૧૨–૦૬–૧૮ ના રોજ ટેરીફ તફાવતનુ રૂ.૨,૫૩,૫૧૪/૯૫ નુ ટેરીફ ચેન્જ અન્વયે અપાયેલ પુરવણીબીલ, ફોરમ કમિટી ને નિયમાધીન જણાયેલ છે. જેથી, સદર અપાયેલ પુરવણીબીલ– ઈલેક્ટ્રીસીટી એક્ટ–૨૦૦૩ ની કલમ ૫૬ હેઠળ હોય – વસુલાત ને પાત્ર છે. આમ, અરજદાર ની – સદર વીજજોડાણ માં ઘરવપરાશના ટેરીફ મુજબ લાભ આપવાની અરજી ગ્રાહય રાખી શકાય નહી. તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદ્દા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.